KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous issue-26 | April – May 2017

# ગુજરાતના ઇતિહાસ લેખન પ્રવૃત્તિમાં સબલ્ટર્ન ઇતિહાસ લેખન (આદિવાસી ઈતિહાસ લેખનનાં સંદર્ભમાં)

## પ્રસ્તાવના

ઇતિહાસ એ ભૂતકાળની ઘટનાઓનું વૈજ્ઞાનિક દ્રષ્ટિએઅભ્યાસ કરતુ શાસ્ત્ર છે. ભૂતકાળને આપણે બદલી શકતા નથી પરંતુ ભુત્તકાળ અને વર્તમાન સાથે ઘાઢ સંબંધ છે.  યુગે યુગે ભૂતકાળને સમજવાનો અભિગમ બદલાતો જાય છે. અથાર્ત યુગે યુગે ઇતિહાસ લેખનનો અભિગમ પણ બદલાય છે. દા.ત. શરૂઆતમાં ઇતિહાસમાં રાજા-મહારાજાઓની દિનચર્યાઓ, યાશોગાથા અને કેટલાક વ્યક્તિઓની કહાનીઓ વાળું ઇતિહાસ લેખન જોવા મળે છે. ત્યારબાદ ૧૮-૧૯મી સદીમાં આ અભિગમ બદલાય છે અને માર્કસવાદી, સામ્યવાદી અને રાષ્ટ્રવાદી વિચારસરણી મુજબ ઇતિહાસનું આલેખન થતું જોવા મળે છે. આ ઉપરાંત ૨૦મી સદીમાં ઇતિહાસ લેખન માં વિજ્ઞાન અને ટકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો. આ બધું જ સમયની માંગ પ્રમાણે બદલાતું હોઈ છે. ‘જરૂરિયાત એ સંશોધનની જનની છે’. એ ન્યાયે ભૂતકાળને મૂલવવા માટે ઇતિહાસ લેખનમાં અનેક શાખાઓનું પ્રયોજન થતું હોઈ  છે. એમાની જ એક એટલે ‘subatern historigraphi’ સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિ. ભારતમાં આ પદ્ધતિના પ્રયોજક શ્રી રણજીત ગુહા હતા. તેમણે ઈ.સ. ૧૯૮૦માં આ નવતર ઇતિહાસ લેખન પદ્ધતિ આવિષ્કાર કર્યો હતો. અત્રે સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિનો ટુંકો પરિચય, સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિનું સ્વરૂપ, સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિનો ઉદય અને વૃદ્ધિ, સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિના સ્ત્રોતો, ગુજરાતમાં સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિએ લખાયેલ ઇતિહાસ અને શક્યતાઓ તથા તારણો વગેરે પર સંશોધનપત્ર રજુ કરવાનો નમ્ર પ્રયાસ છે.

## સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિનો ટૂંકો પરિચય:

ઇટાલીયન માર્કસવાદી ચિંતક આન્તાનીયો ગ્રામસીએ ‘સબલ્ટર્ન’ શબ્દ માટે  ‘નાના’ અને ‘ગરીબ’ શબ્દનો ઉપયોગ કરે છે. એટલે કે આ શબ્દ સમાજના ત્યજાયેલા, ઉપેક્ષિત અને કચડાયેલા લોકો માટે ઉપયોગમાં લીધો છે. આ પદ્ધતિને સમાજશાસ્ત્ર અને સમાજ વિજ્ઞાનના સંશોધનમાં અમલમાં મૂકી હતી. બ્રિટીશ ઇતિહાસકાર ઈ.પી.થોમસને ‘ટાઈમ્સ મેગેઝીન’માં પોતાના લેખમાં subltern પદ્ધતિને ‘history from below’ તરીકે દર્શાવે છે. ડૉ. રણજીત ગુહાએ ઈ.સ.૧૯૮૦માં આ પદ્ધતિ ને ઇતિહાસ લેખનમાં ચલણી બનાવી, તેથી ઈતિહાસલેખનમાં એક નવી શાખાનો આવિષ્કાર થયો. જે ‘સબલ્ટર્ન ઇતિહાસ લેખન પદ્ધતિ’ આ પદ્ધતિમાં શોષિતોનો ઇતિહાસ, સર્વહારા વર્ગનો ઇતિહાસ, દબાયેલા અને કચડાયેલાઓનો ઇતિહાસ, અધીન્સ્થાનો ઇતિહાસ, વગેરે તેના પર્યાયવાચી શબ્દો છે. આના અનુસંધાને દલિતો, આદિવાસીઓ, સ્ત્રીઓ, ખેતદાસો અને કારખાનાઓના મજૂરો વગેરેનું  ઇતિહાસ લેખન થાય છે.

**સબલ્ટર્ન ઇતિહાસ લેખનનું સ્વરૂપ**

ઇતિહાસ લેખનના હજારો વર્ષોમાં એ સ્પષ્ટ પણે જોવા મળે છે, કે ઇતિહાસ લેખનમાં બે પ્રકારના લોકો અસ્તિત્વમાં છે. જેમાં ઉપરી અધિકારીઓ અને ઉતરતી કક્ષાના લોકો . એટલે જ સબલ્ટર્ન ઇતિહાસ લેખન ઈતિહાસને ફરી લખી નીચા અથવા સામન્ય માણસના કાર્યોને પોતાના ઇતિહાસ લેખનમાં વિષયવસ્તુ બનાવી તેમની વેદનાઓને ઉજાગર કરી છે. મજૂરો, દલિતો, આદિવાસીઓ અને મહિલાઓનો ઇતિહાસમાં સમાવેશ કરે છે. સબલ્ટર્ન અભ્યાસએ ચેતના અને નીચલા વર્ગમાં સ્વાયત્તતા અંગે ચેતનાનો પાયો છે. સબલ્ટર્ન અભ્યાસમાં માત્ર વૈચારિક જરૂરિયાત એટલે સામાન્ય માણસો જેમ કે ગરીબ ખેડૂતો, ભરવાડો ,આદિવાસીઓ, દલિતો, સ્ત્રીઓ પણ એક માનવ છે. તેઓ પણ પોતાના જીવનમાં વિચાર કરીને જીવનને સુખી અને સુંદર બનાવે છે. તેથી ઈતિહાસકારો એ સામાન્ય માણસોનો બાહ્ય અને આંતરિક ચેતાનાઓની અવગણના કરવીએ ચિંતાનો વિષય છે. આ લોકોની ચેતનાને સમજી તેમના કાર્યોનો અભ્યાસ કરી વિશ્લેષણ ઈતિહાસકારો દ્વારા થવું જોઈએ.

**સબલ્ટર્ન ઇતિહાસ લેખન માટેના સ્ત્રોતો**:

ભદ્રવર્ગીય કે અગ્રણી લોકો જેવા જથ્થાબંધ સાધનો નથી. કારણ કે સરકારી દસ્તાવેજો અને ભદ્રવર્ગીય સ્ત્રોતોમાં શોષિતોનો પુરુષાર્થ અને ઇતિહાસનિર્માણમાં તેઓની ભાગીદારીનું આલેખન થયેલ નથી. પરંતુ આવા જૂથોના સામજિક રીતે તેમના વિચારો અને અભિપ્રાયો વ્યક્ત કરી શકે છે. તેથી અત્યાર સુધી ઇતિહાસ લેખનના સાધન તરીકે અવગણાયેલા લોક સાહિત્યના પ્રકારો જેવા કે મૌખિક પરંપરાઓ, લોકગીતો ભજન વગેરેને ઇતિહાસ લેખનના મહત્વના સાધનો ગણી શકાય. આ ઉપરાંત સરકારી દસ્તાવેજોમાં સરકારી રીપોર્ટ, વસ્તી ગણતરીના અહેવાલો, પોલીસના દસ્તાવેજો, ન્યાયિક દસ્તાવેજો, લોકકથાઓ, રૂબરૂ મુલાકાતો વગેરે .. આ બધાનો ઉપયોગ કરી સબલ્ટર્ન ઇતિહાસ લેખન કરી શકાય.

ઉપરોક્ત સ્ત્રોતનો ધ્યાનથી અને વિચારપૂર્વક સમજવામાં આવે તો વિવિધ શાખાઓ જેવી કે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, વસ્તીગણતરી, એન્થ્રોપોલોજી, આર્કિઓલોજી, ભાષાશાસ્ત્ર વગેરેનો ઉપયોગ કરી સબલ્ટર્ન ઇતિહાસ લેખનને અસરકારક બનાવી શકાય.

**ગુજરાતમાં આદિવાસી ઇતિહાસ લેખન** :

વીસમી સદીના અંતમાં અને એકવીસમી સદીની શરૂઆતના સમયમાં સબલ્ટર્ન ઇતિહાસ લેખનના મુખ્ય અંગો દલિતો, આદિવાસીઓ અને સ્ત્રીઓના ઇતિહાસ વિષે ખુબ ઓછા સંશોધન લેખો, અને પુસ્તકો પ્રકાશિત થયા છે. આદિવાસીઓના સંદર્ભમાં જોઈએ તો ગુજરાતમાં આ પદ્ધતિએ સંશોધન કરનાર ભારતનો કે ગુજરાતનો નહિ પરંતુ વિદેશી(વાર્વિક યુનિ.યુ.કે.) ઇતિહાસકાર પ્રો.ફ.ડેવિડ હાર્ડીમેન છે. ડૉ. અરુણ વાઘેલા અદિલોકના તત્રીવિધાનમાં તેમની એક વાત લખે છે કે 'એક વાર ગુજરાતના પ્રતિભાશાળી વડીલ ઇતિહાસવિદને મેં જયારે એમ કહ્યું કે , હું દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનો ઇતિહાસ લખી રહ્યો છું, ત્યારે તેમણે મને કહ્યું કે હું ખોટા માર્ગે છું. આદિવાસીઓનો ઇતિહાસમાં લખવા જેવું કાઈ નથી. કારણ કે તેમનામાં સન્માનની ભાવના નથી અને તેમનો કોઈ ભવ્ય ભૂતકાળ નથી. તેમણે મને જેમાંનામાંથી આપણે પ્રેરણા મેળવી શકીએ અને જેમનું અનુકરણ કરી શકીએ એવા લોકો વિષે લખવા કહ્યું. જેમ કે રાજાઓ, જમીનદારો, દીવાનો અને મોટા શેઠિયાઓ'. આવો

નકારાત્મક અને તુચ્છ્કારક મત સંભાળી કોઈ દેશી ઇતિહાસકાર હોત તો હથિયાર હેઠા મેલી અન્ય સંશોધન તરફ વળી ગયો હોત ! એટલે ગુજરાતમાં આવા વલણ ને કારણે આદિવાસી ઇતિહાસ લેખન થયેલ નથી. ડેવિડ હાર્ડીમેને "Comming of Devi: Adivasi Asserstion in Western India," (1986). ગ્રંથમાં દક્ષિણ ગુજરાતમાં સલાબાઈની આગેવાનીમાં થયેલ દેવી ચળવળનો ઇતિહાસ આપ્યો છે. તે સિવાય subltern શ્રેણીમાં તેમના કેટલાક લેખો 'પૂર્વ પંચમહાલના આદિવાસીઓ, ડાંગના આદિવાસીઓ પર છે. સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ(સુરત) દ્વારા પ્રકાશિત 'જંગલ વિસ્તારમાં સત્તાના સબંધો' નામનો લેખ પણ આ દિશામાં છે. દફ્તરીય સાધનો, અભિજાત વર્ગીય સાહિત્ય અને આદિવાસીઓના લોક સાહિત્ય તથા ક્ષેત્ર કાર્યના સથવારે થયેલું તેમનું લેખન ગુજરાતના આદિવાસી ઇતિહાસ ઇતિહાસ લેખનમાં શિરમોર સમું છે. ડૉ અરુણ વાઘેલા એ આદિવાસી ઇતિહાસ લેખનમાં પ્રસંસનીય કામગીરી કરેલ છે. તેમનો Ph.D નો મહાશોધ નિબંધ 'પંચમહાલના આદિવાસીઓમાં સામાજિક પરિવર્તન (ઈ.સ.૧૮૬૮ થી ૧૯૪૭ સુધી), તેમનું પ્રકાશિત પુસ્તકો, પંચમહાલ જીલ્લામાં ગાંધીવાદી રચનાત્મક પૃતિઓ અને સ્વતંત્ર્ય સૈનિકો", (2007) "પંચમહાલના આદિવાસીઓની વિકાસ યાત્રા" (2009), ભીલ સેવા મંડળ (2010), ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ (2013), વિસરાયેલા શહીદો(2012), આઝાદીના જંગનો આદિવાસી રંગ: 17 નવેમ્બર ૧૯૧૩ : માનગઢ હત્યાકાંડ (2012), વગેરે સંશોધન ગ્રંથોમાં ડૉ વાઘેલાએ ક્ષેત્રકાર્ય, લોકસાહિત્ય, લોકકથાઓ, કહેવતો અને સમકાલીન દસ્તાવેજોનો જીણવટ પૂર્વક તપાસીને નમૂનારૂપ આલેખન કરેલ છે. તેમજ ડૉ.પંકજ વલવાઈએ પણ પોતાનું ph.D નો મહાશોધ નિબંધ પંચમહાલ જીલ્લાના આદિવાસીઓમાં સામાજિક, રાજકીય ,શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષ માટેની પ્રવૃતિઓ,(૧૯૧૦ થી ૧૯૯૭ સુધી) તથા મારો પોતાનો ph.D નો મહાશોધ નિબંધ "સ્વાતંત્ર્ય સંગ્રામમાં પૂર્વ ગુજરાતના આદિવાસીઓનું પ્રદાન(દાહોદ અને પંચમહાલ જીલ્લાના સંદર્ભમાં)" છે.

**આદિવાસી ઇતિહાસ લેખનમાં રહેલી શક્યતાઓ:**

આદિવાસી ઇતિહાસ લેખનમાં જુજ સંશોધનો થયા છે. હજુ ઘણા એવા મુદ્દાઓ છે. જેમાં ઇતિહાસ લેખન કરી શકાય. જેવા કે આદિવાસીઓની સાયન્સ અને ટેકનોલોજીનો ઇતિહાસ, આદિવાસીઓનું પરંપરાગત દવાશાસ્ત્ર, આદિવાસીઓમાં શિક્ષણનો ઇતિહાસ, આદિવાસીઓમાં હિન્દુકરણનો ઇતિહાસ, ગાંધીવાદી આદિવાસી કલ્યાણનો ઇતિહાસ, આદિવાસીઓમાં સમાજ પરિવર્તનનો ઇતિહાસ, બ્રિટીશ શાસન પૂર્વેનું ગુજરાતના આદિવાસીઓનું પરંપરાગત વ્યવસ્થાતંત્ર, ખ્રિસ્તી મિશનો અને આદિવાસીઓ, આદિવાસી સ્ત્રીઓમાં સમાજ પરિવર્તનનો ઇતિહાસ વગેરે વિષયો પર ઇતિહાસનું સંશોધન કરી શકાય તેમ છે.

**સમાપન :**

સબલ્ટર્ન ઇતિહાસ લેખનમાં ભારત અને ગુજરાતમાં નમુનારૂપ હોવા છતાં તે પુરતું નથી. કારણ કે ભારતમાં ૮% જેટલી આદિવાસી વસ્તી અને ગુજરાતમાં 15% જેટલી વસ્તી. આટલી મોટી જનસંખ્યા હોઈ અને ઇતિહાસમાં તેમનું પ્રદાન ન હોઈ એ વાત ગળે ઉતરતું નથી. મારી દ્રષ્ટીએ આદિવાસીઓનું ઇતિહાસ સર્જનમાં મોટું પ્રદાન છે પણ તેને ઉજાગર કરવાની જરૂર છે.

## સંદર્ભ સૂચી

I. બિપીન ચંદ્ર, ‘ભારત કા સ્વતંત્રતા સંઘર્ષ’ નવી દિલ્હી, ૧૯૯૩

II. Guha R.(Ed), Subaltern Studies, Vol-1, Oxford Uni.Preess, Delhi, 1982.

III. વાઘેલા અરુણ, ઇતિહાસ દર્પણ(લેખસંગ્રહ),અમદાવાદ,૨૦૦૬

IV. ‘અદિલોક’, આદિવાસી ઇતિહાસ વિશેષાંક, જુલાઈ-ઓગસ્ટ ૨૦૧૦

V. Odisha Review Abhijit Sahoo, Subaltern Studies : A New Trend in Writing History, Odisha Review, November – 2014

***********************************************************************

ડૉ. સુરેન્દ્રકુમાર બી. બારીઆ
ઇતિહાસ વિભાગ
સરકારી વિનયન કોલેજ
બનાસકાંઠા

Copyright © 2012 – 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat